એમ.એ.સી.પી. નંબરઃ ૧૩૮૪/૨૦૨૨

**<u>આંકઃ ૧ અન્વયે હુકમ</u>**

અરજદાર/અરજદારના વિ.વકીલ શ્રી તથા સામાવાળા/સામાવાળાના વિ. વકીલશ્રીએ હાજર થઇ આજરોજ લોકઅદાલતમાં **આંક– <u>૧૧</u>** થી સમાધાન રજુ કરતા તે સ્વૈચ્છિક, તેમના લખાવ્યા મુજબ અને પક્ષકારોને કબુલ મંજુર હોવાનું સ્વીકારતા સદર સમાધાન નોંધવા હુકમ કરવામાં આવેલ છે તે સમાધાનને અનુરૂપ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

(૧) હાલના કલેઇમ સંબંધે **<u>સામાવાળા નં– ૨. રીલાયન્સ જનરલ ઇન્સ. કંપની લી.</u>** વાળાએ અરજદારને અરજી સંબંધે કુલ એન્ડ ફાઇનલ સેટલમેન્ટ પેટે વળતર ના **<u>રૂ.૨,૧૫,૦૦૦/–</u>** અંકે રૂપીયા **<u>(અંકે રૂપિયા બે લાખ પંદર હજાર પુરા)</u>** ચુકવવા જવાબદારી સ્વીકારેલ છે અને અરજદારે સદર સેટલમેન્ટવાળી રકમ સુધી પોતાનો કલેઇમ મર્યાદિત કરી સ્વીકારેલ છે અને અરજદારે બાકીના સામાવાળાઓને કલેઇમની જવાબદારીમાંથી મુક્ત ગણવા કબુલ રાખેલ છે.

(૨) જવાબદારી સ્વીકારનાર સામાવાળાએ સમાધાન મુજબની રકમ આજથી ત્રણ માસમાં અરજદારને ચૂકવવી કે ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે. તેમાં નિષ્ફળ ગયેથી સમાધાન મુજબની રકમ ઉપર સમાધાનની તારીખથી દર વર્ષે <u>૦૯</u> ટકાના દરથી સાદું વ્યાજ અરજદારને ચૂકવવાનું રહેશે.

(૩) વળતર અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવાનું રહેશે.

મળવાપાત્ર કોર્ટ ફી રીફંડ સર્ટીફીકેટ અરજદારના નામનું કાઢવુ.

ઉપરોક્ત વિગતે હુકમનામું દોરવુ.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૧૪/૦૯/૨૦૨૪

**(ડી.ડી.બુધ્ધદેવ)**
પાંચમા અધીક જીલ્લા ન્યાયાધીશ અને
એમ.એ.સી.ટી.(ઓક્સી.–૫),
અમદાવાદ (ગ્રામ્ય)
GJ00612